ભાસ્કર તમારો GST નૉલેજ સોર્સ

આપ વાંચી રહ્યા છો દેશનું સૌથી વિશ્વસનીય અને સૌથી ઝડપી વિકસતું અખબાર

# દિવ્ય ભાસ્કર

કુલ પાનાં 12 | કિંમત ₹ 5.00 | વર્ષ 13, અંક 303, મહાનગર

divyabhaskar.com | મુંબઈ, શનિવાર, 20 મે, 2017 | વૈશાખ વદ-9, વિક્રમ સંવત 2073 | 14 રાજ્ય | 68 સંસ્કરણ

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | ↑ | 30434.79 | 30464.92 |
| યુરો | ↑ | 72.12 | 72.19 |
| ડોલર | ↓ | 64.84 | 64.64 |
| સોનું (હોલમાર્ક) | ↓ | 28910 | 28615 |
| ચાંદી | ↓ | 39200 | 39200 |

## આરોગ્ય, શિક્ષણ સેવાઓ GSTમાં પણ ટેક્સ-ફ્રી રહેશે

# રેલવેમાં ફરક નહીં, વિમાનયાત્રા 10% સસ્તી, લક્ઝરી રેસ્ટોરાંમાં ભોજન 17% સુધી મોંઘું

### IPL-10 આજનું રિઝલ્ટ

કોલકાતા v/s મુંબઈ

107 — 10 વિકેટ (18.5) | 111 — 4 વિકેટ (14.3)

**મુંબઈનો 6 વિકેટે વિજય**

કૃણાલ પંડ્યાના 30 બોલમાં અણનમ 45 રન

**ફાઈનલ**

મુંબઈ v/s પૂણે

રવિવારે સાંજે 8 વાગ્યા હૈદરાબાદથી લાઈવ

## ન્યૂઝ બ્રીફ

### ગુજરાતના શિક્ષણવિદ્ મનોજ સોની UPSCના સભ્યપદે

નવી દિલ્હી | ગુજરાતના શિક્ષણવિદ્ મનોજ સોનીની યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના સભ્ય તરીકે નિમણૂક કરાઈ છે. સોની અમદાવાદની આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર છે. તેઓ તેમણે વડોદરાની એમએસ યુનિ.માં વીસી રહી ચૂક્યા છે.

### જો ખેલે વહી ખીલે



નવી દિલ્હી | સચિન તેન્ડુલકરની પોતાની બાયોપિક 'સચિન અ બિલિયન ડ્રીમ્સ' બાબતે શુક્રવારે પીએમ નરેન્દ્ર મોદીને મળ્યા. આ સમયે મોદીએ તેમને સંદેશ આપ્યો. જેને સચિને પોતાના ટ્વિટમાં લખ્યો.

### યમુના કિનારે કચરો ફેંકશો તો પાંચ હજારનો દંડ થશે

નવી દિલ્હી | યમુના નદીના કિનારે કચરો ફેંકવા અથવા ખુલ્લામાં શૌચ કરવા પર દરેક વખતે પાંચ હજાર રૂપિયાનો દંડ થશે. આ આદેશ એનજીટીએ આપ્યો છે. આ સાથે એક કમિટી બનાવાઈ છે. જે નિયમિત સમયે રિપોર્ટ સોંપશે.

### IITના વિદ્યાર્થીઓએ એસીનો વિકલ્પ શોધ્યો

કોલકાતા | આઈઆઈટી ખડગપુરના બે વિદ્યાર્થી શહશ્રંસુ મૌર્ય અને સોમરૂપ ચક્રવર્તીએ પેસિવ સોલર વોટર વોલ નામથી એક કુલિંગ સિસ્ટમ શરૂ કરી છે. આ એક આયાત વોટર ટેન્ક છે. ડેને દિવાલ અંદર ફિટ કરવામાં આવી છે. તે રૂમને ઠંડો કરવાના ખર્ચમાં 50 ટકા સુધી ઓછો કરે છે.

### વોટ્સએપમાં પિન ચેટ ફીચર, કામ સરળ થશે

નવી દિલ્હી | વોટ્સએપમાં પિન ચેટ ફિચર એન્ડ્રોયડ યુઝર્સ માટે આપવામાં આવ્યું છે. પિન ચેટ ફીચર્સ બેસ્ટ ફ્રેન્ડ અથવા ફેમિલી મેમ્બરના ચેટ શોધવા માટે વધારે સ્કોલ કરવાનું નથી. યુઝર્સ 3 ગ્રુપ અથવા ઈન્ડિવિઝ્યુઅલ ચેટ્સને પિન કરી શકે છે.

## કાઉન્સિલની બેઠકના બીજા દિવસે સર્વિસીસ પર GSTના દર નક્કી

### સોનું-સિગારેટ સહિત 6 વસ્તુઓ પર ટેક્સ રેટ નક્કી નથી થયા

ભાસ્કર ન્યૂઝ | શ્રીનગર/નવી દિલ્હી

જીએસટી કાઉન્સિલે શુક્રવારે મોટા ભાગની સેવાઓ માટે ટેક્સદર નક્કી કરી લીધા છે. વસ્તુઓની જેમ તેમને પણ 5 સેગમેન્ટ 0 ટકા, 5 ટકા, 12 ટકા, 18 ટકા અને 28 ટકામાં વહેંચાઇ છે. નાણામંત્રીએ તેની જાહેરાત કરી છે.

જીએસટીમાં શિક્ષણ અને આરોગ્ય સેવાઓ પહેલાંની જેમ જ ટેક્સફ્રી રહેશે. રેલવે ટિકિટ પર ફરક નહીં પડે પણ વિમાનયાત્રા પર લાગતો ટેક્સ 10 ટકા સુધી ઓછો રહેશે. ખાસ કરીને ઈકોનોમી ક્લાસમાં. જ્યારે લક્ઝરી રેસ્ટોરાંમાં ભોજન 17 ટકા સુધી મોંઘુ બનશે. જોકે, સોનું, સિગારેટ, બીડી, ટેક્સટાઈલ, ફૂટવેર જેવી 6 વસ્તુઓ અને કેટલીક સેવાઓના ટેક્સ નક્કી થઈ શક્યા નથી. તે માટે 3 જૂને દિલ્હીમાં ફરી બેઠક થશે. નવા ટેક્સદર 1 જુલાઈથી લાગુ થશે. ઉદ્યોગ જગતે અગાઉ જીએસટીના નવા દરોને આવકાર્યા હતા.

## તમામ નવા દર 1 જુલાઈથી લાગુ થશે, મનોરંજન કર હવે સર્વિસ ટેક્સના રૂપમાં આપવો પડશે

| સર્વિસીસ | વર્તમાન ટેક્સ | જીએસટીમાં |
|---|---|---|
| ટ્રક ટ્રાન્સપોર્ટ | 4.5% હાલ 70% અબેટમેન્ટ છે. એટલે કે 30% હિસ્સા પર 15% ટેક્સ લાગે છે. તે બિલના 4.5% થાય છે. | 5% 5%થી ઓછો રખાયો છે, કેમ કે તેનું મુખ્ય ઈનપુટ પેટ્રોલ-ડીઝલ જીએસટીની બહાર છે. તેથી ઈનપુટ ટેક્સ ક્રેડિટ નહીં મળે. |
| ટ્રેન | 0% મેટ્રોરેલ, લોકલ ટ્રેન, ધાર્મિક અને હજયાત્રાઓ પર ટેક્સ નથી. ■નોન-એસી ટ્રેન ટિકિટ પર કોઈ ટેક્સ નથી લાગતો. | 0% તેમના પર હવે કોઈ ટેક્સ નહીં લાગે. ■એટલે કે કોઈ ફેરફાર નહીં. ■નોન-એસી ટ્રેન ટિકિટ પર જીએસટીમાં પણ ટેક્સ નહીં. |
| કેબ એગ્રીગેટર | 6% ઓલા-ઉબેર જેવા કેબ એગ્રીગેટર પર હાલ 6% ટેક્સ લાગે છે. | 5% આ સર્વિસીસને 5% વાળા સ્લેબમાં રખાઈ છે. ■એટલે કે 1% ઓછો. |
| એર ટ્રાવેલ | 15% 15% હાલ ઈકોનોમી અને બિઝનેસ ક્લાસ બંને માટે એકસરખો 15% ટેક્સ લાગે છે, પરંતુ જીએસટીમાં તેને 2 ભાગમાં વહેંચી દેવાયો છે. | 5% 5% ઈકોનોમી ક્લાસ માટે 5% ટેક્સ. ■એટલે કે 10%ની બચત. 12% બિઝનેસ ક્લાસ માટે 12% ટેક્સ. ■એટલે કે 3%ની બચત. |

■ઇ-કોમર્સ કંપનીઓએ સપ્લાયર્સને પેમેન્ટ પહેલાં 1% ટીસીએસ કાપવો પડશે, પરંતુ તેનાથી ગ્રાહક પર કોઇ અસર નહીં થાય. સપ્લાયરને આની ઇનપુટ ક્રેડિટ મળશે.

| સર્વિસીસ | તાજેતરનો ટેક્સ | જીએસટીમાં |
|---|---|---|
| રેસ્ટોરાં | 11% ફૂડ બિલના 40 ટકા ભાગ પર 15 ટકા ટેક્સ લાગે છે. તેને સંપૂર્ણ બિલના પ્રમાણે જોડશો તો આ 6 ટકા હોય છે. હાલ વેટ સમગ્ર બિલ પર 5 ટકા લાગે છે. બંને જોડીને જમવા પર કુલ ટેક્સ 11 ટકા લાગે છે. જીએસટીમાં તેને ત્રણ ભાગમાં વહેંચી દેવાયો છે. | 12% નોનએસી રેસ્ટોરાંમાં ફૂડ બિલ પર 12% લાગશે. ■ એટલે કે 1% વધુ. 18% દારૂ લાઈસન્સ, એસી વાળાં રેસ્ટોરાંમાં 18% ટેક્સ.■ એટલે કે 7% વધુ. 28% લક્ઝરી રેસ્ટોરાં પર 28 ટકા ટેક્સ રેટ લાગુ થશે.■ એટલે કે 17% વધુ. |
| હોટલના રૂમ | 10% અત્યારે 3000 રૂપિયા સુધી ભાડા પર કોઈ ટેક્સ નહીં. તેનાથી વધુ રૂમ ભાડા પર રાજ્યનો 10 ટકા લક્ઝરી ટેક્સ લાગે છે. એટલે કે હોટલના રૂમ મોંઘા થશે. હાલ કેન્દ્રનો કોઈ ટેક્સ નથી લાગતો. | 1000 રૂપિયાથી ઓછા ભાડા પર કોઈ ટેક્સ નહીં લાગે. 12% 1000-2500 રૂપિયાના રૂમ પર. 18% 2500થી 5000 રૂ.સુધીના રૂમ પર. 28% 5000 રૂ.થી વધારેના રૂમ પર. |
| ટુર એન્ડ ટ્રાવેલ્સ | 15% હાલ 15 ટકા લાગે છે. જોકે ટૂર બિલમાં કેટલીક વસ્તુઓ પર આ ટેક્સથી છૂટ મળે છે. | 18% જીએસટીમાં તેના પર 18% ટેક્સ લાગશે.■ એટલે કે ટેક્સ રેટ 3% વધી જશે. |

**ટેલિકોમ, બેન્ક, વીમા, ફાઇનાન્શિયલ સર્વિસ 3 ટકા સુધી મોંઘી થઇ શકે છે** | ટેલિકોમ, વીમા, બેન્ક અને ફાઈનાન્શિયલ સર્વિસ પર અત્યારે 15 ટકા સર્વિસ ટેક્સ લાગે છે. જીએસટીમાં તેના પર 18 ટકા ટેક્સ લાગશે. એટલે કે 3 ટકા ટેક્સ વધારે લાગશે.

**સિનેમા ટિકિટ, રેસિંગ, બેટિંગ** | અત્યારે સિનેમા ટિકિટ પર 20 ટકા રાજ્યનો મનોરંજન ટેક્સ અથવા લક્ઝરી ટેક્સ લાગે છે. વધારે રાજ્યોમાં તેના પર સર્વિસ ટેક્સ નથી. જ્યાં મનોરંજન ટેક્સ 28 ટકા કરતાં વધારે છે ત્યાં સસ્તો થઈ શકે છે.

### વેપારી સંગ્રાહખોરી ન કરે : આઢિયા

મારી સલાહ છે કે સંગ્રાહખોરી ન કરો. ટેક્સના જે દર છે. ગ્રાહક પાસે તે વસૂલો. વધારાના દર મુજબ કિંમત ન વધારો. સરકાર જલદી સંગ્રાહખોરી, નફાખોરી પર નજર રાખવા માટે સિસ્ટમ તૈયાર કરશે. જે બેલેન્સશીટ જોઈને તપાસ કરશે કે ટેક્સ બદલવાનો ફાયદો ઉઠાવીને નફાખોરીતો નથી કરીને. - હસમુખ આઢિયા, મહેસૂલ સચિવ

GST શું છે, તેની તમારા ખિસ્સા પર શું અસર થશે 2 મિનિટના વીડિયોમાં તે જાણવા માટે વિઝિટ કરો divyabhaskar.com

### GSTની અસરથી એફએમસીજી કંપનીના શેર 3.6% ઊંચકાયા

જીએસટીના રેટ નક્કી થયા બાદ એફએમસીજી કંપનીના શેર્સમાં આજે ઉછાળો જોવા મળ્યો હતો. હેર ઓઈલ, સાબુ અને શેમ્પુ તેમજ ટૂથપેસ્ટ જેવી સામાન્ય ઉપયોગની વસ્તુઓ જીએસટીમાં સસ્તી થવાથી આજે એફએમસીજી કંપનીઓના શેરમાં આજે 3.6 ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. એફએમસીજી કંપનીઓનો ઈન્ડેક્સ 1.86 ટકા વૃદ્ધિ સાથે બંધ થયા હતા. કાઉન્સિલની બેઠકના પહેલા દિવસે ગઈકાલે નિર્ણય લેવાયો હતો કે સામાન્ય ઉપયોગમાં લેવાતી વસ્તુઓ જેમ કે સાબુ, હેર ઓઈલ, ટૂથપેસ્ટ પર 18 ટકા ટેક્સ લેવાશે. હાલ આ પ્રોડ્ક્ટ્સ પર 22થી 24 ટકા જેટલો ટેક્સ વસૂલવામાં આવે છે.

### GSTમાં આર્યુવેદિક પ્રોડક્ટ પર 12 ટકા ટેક્સ

નવી દિલ્હી | જીએસટીમાં આયુર્વેદિક પ્રોડક્ટ પર 12 ટકા ટેક્સ રેટ રખાતા ઉદ્યોગમાં નારાજગીનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. જીએસટી કાઉન્સિલે આયુર્વેદિક દવાઓ અને પ્રોડક્ટ્સ પર 12 ટકા ટેક્સ નક્કી કર્યો છે. કાઉન્સિલના આ નિર્ણયને કારણે આયુર્વેદિક દવા અને પ્રોડક્ટનું નિર્માણ કરતી અગ્રણી કંપનીઓમાં નારાજગીનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. અગ્રણી કંપની ડાબરે આજે નિર્ણય સામે નિરાશા વ્યક્ત કરતા કહ્યું હતું કે આ નિર્ણયની આયુર્વેદિક ઉદ્યોગ પર પ્રતિકૂળ અસર પડશે. આવી સામગ્રીઓ પર કર વધારવાનું પગલું સરકારના પરંપરાગત ભારતીય ઔષધને પ્રોત્સાહન આપવાના પ્રયાસોને અસર થશે.

## PG મેડિકલમાં ઇન-સર્વિસ ઉમેદવારોને 50% અનામત આપવા ગુજરાતને સુપ્રીમનો આદેશ

### શનિવારથી શરૂ થતા કાઉન્સેલિંગમાં અનામતનો લાભ મળવાની શરૂઆત થશે

એજન્સી | નવી દિલ્હી

પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિકલ ડિપ્લોમા કોર્સીસમાં ઈન-સર્વિસ ઉમેદવારોને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમ મુજબ 50 ટકા અનામત આપવા માટે ગુજરાત સરકારને શુક્રવારે સુપ્રીમકોર્ટે આદેશ કર્યો.

પીજી કોર્સીસમાં એડમિશન માટે શનિવારથી શરૂ થતા કાઉન્સેલિંગના બીજા રાઉન્ડમાં આ ઉમેદવારોને અનામત આપવા કોર્ટે રાજ્ય સરકારને આદેશ કર્યો છે. જસ્ટિસ દીપક મિશ્રા અને જસ્ટિસ એ. એમ. ખાનવિલકરની બેન્ચે ઈન-સર્વિસ મેડિકલ ઓફિસર્સ જ્યાં કામ કરશે તે અંતરિયાળ ગ્રામીણ કે દુર્ગમ વિસ્તારોની વ્યાખ્યા કરવાનો પણ રાજ્ય સરકારને આદેશ કર્યો છે. ...અનુસંધાન પાના નં.6

**અંતરિયાળ વિસ્તારોમાં કામ કરતા 2400 ડૉક્ટરોને લાભ**

અંતરિયાળ ગ્રામીણ અને દુર્ગમ વિસ્તારોમાં સરકારી હોસ્પિટલોમાં કે જાહેર સત્તામંડળોમાં કામ કરનારા ઈન-સર્વિસ મેડિકલ ઓફિસર્સ કહેવાય છે. સુપ્રીમના આદેશનો સીધો લાભ 2400 જેટલા ડૉક્ટરોને મળશે.

## 1 જૂનથી ખેડૂતોની હડતાળ દૂધ, ફળ, શાકભાજીનો પુરવઠો ખોરવાશે

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

પશ્ચિમ મહારાષ્ટ્ર અને મરાઠવાડાના ખેડૂતોએ 1 જૂનથી હડતાળ પર ઊતરી જવાનું નક્કી કરતાં મુંબઈમાં દૂધ, ફળો, શાકભાજીઓના પુરવઠાને અસર થવાનો ભય છે. શેતકરી સંઘટના, સ્વાભિમાની શેતકરી સંઘટના અને બળીરાજા શેતકરી સંઘટના સહિત ખેડૂતોનાં 38 સંગઠનો આ હડતાળમાં ભાગ લેશે.

આ હડતાળ તબક્કામાં યોજાશે. રાજ્યભરમાંથી ટેકો મળવાની સંગઠનોને આશા છે. ગઈકાલે થયેલી બેઠક પછી સંગઠનોએ જાહેર કર્યું હતું કે હડતાળના ભાગરૂપે નાશિક, સાંગલી, સોલાપુર, પુણેથી ...અનુસંધાન પાના નં.6

## સત્તા પૂર્વે ફડણવીસ કરજમાફી માગતા, હવે અભ્યાસુ વિદ્યાર્થી બન્યા છે : ઉદ્ધવ

ભાસ્કર ન્યૂઝ | નાશિક

મહારાષ્ટ્રમાં સરકાર બદલવાને અઢી વર્ષ થયા પણ કંઈ જ બદલાયું નથી. ખેડૂતોની કરજમાફી કરો, અમે બહારથી વિના શરતે ટેકો આપીએ છીએ, કરજમાફી કરશો તો સરકારને ધક્કો લાગવા નહીં દઈએ એવું આશ્વાસન શિવસેના પક્ષપ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ આપ્યું હતું. તેઓ શિવસેનાના ખેડૂત મેળાવડામાં બોલી રહ્યા હતા. ચૂંટણી પહેલાં કાળા નાણા ભારતમાં લાવશું, એના લીધે દરેકના ખાતામાં 15 લાખ રૂપિયા આવશે એમ જણાવ્યું હતું. પણ એકેય રૂપિયો આવ્યો નહીં. હવે ખેડૂતોની કરજમાફી કરો અથવા તેમના ખાતામાં 15 લાખ રૂપિયા ભરો એવી માગણી ઉદ્ધવ ઠાકરેએ કરી હતી.

મહત્ત્વનું એટલે આ મેળાવડામાં શિવસેનાના વિધાનસભ્યો-સંસદસભ્યો સહિત સ્વાભિમાની શેતકરી સંગઠનના રાજુ શેટ્ટી પણ ઉપસ્થિત હતા. મુખ્યમંત્રી વિરોધ પક્ષમાં હતા ત્યારે કરજમાફી માગતા હતા. હવે સત્તામાં આવ્યા બાદ તેમનું અભ્યાસુ વિદ્યાર્થીમાં રૂપાંતર થયું છે. સરકાર બદલાઈ પણ સમસ્યા ઉકેલાતી નથી. મધ્યસત્ર ચૂંટણી માટે ચકાસણી શું કરો છો, ખેડૂતોને કરજમુક્ત કરો. ...અનુસંધાન પાના નં.6




**ભાસ્કર વિશેષ** | રૂબીનાના ફોરમ મુસ્લિમ મહિલા મંચ પાસે હવે ત્રણ તલાકના 300 કેસ આવી ચૂક્યા છે, 50 કેસ કોર્ટમાં લડી રહી છે

## પતિએ 10 વર્ષ પહેલાં રૂબીનાને તલાક આપ્યા હતા, હવે ફોરમ બનાવીને પીડિત મહિલાઓને ન્યાય અપાવી રહી છે. 125ની મદદ કરી ચૂકી છે

કુંદન સાહુ | નાગપુર



ત્રણ તલાક મુદ્દે દેશભરમાં ચર્ચા છેડાઈ છે. હાલ મામલો સુપ્રીમકોર્ટમાં છે. નાગપુરની રૂબીના પટેલ પણ કોર્ટના ચુકાદાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહી છે. શા માટે કરે નહીં, કારણ કે ત્રણ તલાકે તેમનું જીવન બદલી નાખ્યું છે. વાત લગભગ 10 વર્ષ પહેલાની છે. એક દિવસ રૂબીનાના પતિએ ઓચિંતા ત્રણ વાર તલાક બોલીને પોતાની જવાબદારીથી હાથ ખંખેરી લીધા હતા. તે સમયે રૂબીના બે સંતાનોની માતા હતી. આ ઘટનાએ રૂબીનાને હલબલાવી નાખી હતી. તે ન્યાય માગવા સમાજના ઘણા મોટા લોકો પાસે પહોંચી હતી, પણ તેને બધેથી નિરાશા સાંપડી હતી. તે બાદ રૂબીનાએ નક્કી કર્યુ હતું કે તે પોતાનો જંગ જાતે લડશે. સાથે જ તેના જેવી અન્ય પીડિત મહિલાઓને પણ ન્યાય અપાવશે.

રૂબીનાએ પહેલા વર્ષે જ લગભગ 10 મામલામાં પીડિત મહિલાઓને ન્યાય અપાવ્યો હતો. તે બાદ તેણે આ લડાઈ લડવા માટે 'મુસ્લિમ મહિલા મંચ' બનાવ્યું હતું. 10 વર્ષમાં તેમના સંગઠન પાસે ત્રણ તલાકની પીડિત લગભગ 300 મહિલાઓના કેસો પહોંચ્યા હતા. જેમાંથી લગભગ 125 કેસોમાં તેમણે ન્યાય અપાવ્યો હતો.

### પતિ પત્નીને મળવા માગે તો મૌલવી તેવા સંબંધોને હરામ ગણાવે છે

રૂબીના કહે છે કે દેશભરમાં ત્રણ તલાકના મામલા મોટા પાયે થયા છે. તેની સામે ફતવા જારી થાય છે, પણ તેનો રેકોર્ડ માત્ર દારૂલ કઝા પાસે હોય છે. અદાલત પાસે તેનો કોઈ આંકડો નથી. આજ કારણ છે કે સમાજમાં મોટી સંખ્યામાં મુસ્લિમ મહિલાઓ તેનો શિકાર થઈ રહી છે. નાગપુરમાં લગભગ 5 દારૂલ કઝા છે. અહીંથી મળનારી ત્રણ તલાકની મંજૂરીને માત્ર ધાર્મિક માન્યતા હોય છે. પણ તેનો કોઈ બંધારણીય આધાર હોતો નથી. તલાકના ઘણા કેસ તો કોર્ટ સુધી પણ પહોંચી નથી શકતા. મારી પાસે ઘણા કેસ એવા પણ આવે છે, જેમાં પતિ ગુસ્સામાં આવીને પત્નીને ત્રણ વાર તલાક કહી દે છે. પછી પતિ ભૂલ માનીને પસ્તાય છે, પણ મુફ્તી આવા લોકોને પત્નીને મળવા નથી દેતા. તેઓ આવા સંબધોને હરામ ગણાવીને હદીસની સલાહ આપે છે. આ મહિલાઓ પર અત્યાચાર છે. જ્યારે મહિલાઓના અધિકારીનો સવાલ આવે છે ત્યારે કહેવાય છે કે ધર્મ ખતરામાં છે. આમ કેમ કહેવાય છે ત્રણ ઈદ્દત (માસિક ધર્મ) બાદ ઈસ્લામમાં મેન્ટેનન્સ નથી મગાતું. જે તલાક પીડિતાઓ સાથે અન્યાય છે. દેશમાં ત્રણ તલાકથી પીડિત મહિલાઓને ન્યાય અપાવવાની જગ્યાએ રાજકારણ કરવામાં આવી રહ્યું છે.